જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૬/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૩૪/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૯૫૩ | ૧૭ | ૮૯૭૦ | ૧૫૦૧૩ | ૧૮ | ૧૫૦૩૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૩ | ૦ | ૪૨૫૩ | ૫૭૬૯ | ૦ | ૫૭૬૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૮ | ૧ | ૩૯ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૪૬૬ | ૧૫૨ | ૯૬૧૮ | ૧૦૩૯૮ | ૧૪૧ | ૧૦૫૩૯ |
| કુલ | | ૨૨૭૧૦ | ૧૭૦ | ૨૨૮૮૦ | ૩૧૩૮૦ | ૧૫૯ | ૩૧૫૩૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨૯ | ૬૨,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦૯૦ | ૪,૧૮,૦૦૦/- |

# અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## અપહરણકર્તા તથા ફરીયાદીની સગીરવયની બાળાને ઉત્તરપ્રદેશ ખાતેથી શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પાર્ટ - A.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૪૧૦/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટ કલમ ૩,૪,૫(એલ),૬,૮,૯(એલ),૧૦, ૧૧(૬), ૧૨ મુજબ ના ગુનાના કામે ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૬ વર્ષ ૧ માસ નાનીને આ કામના આરોપી ઇશ્વર રાજપાલસિંહ સીખેડ રહે, સેવ બનાવવાના વિપુલભાઇના કારખાનામાં વણઝારાવાસ નારોલ ગામ અમદાવાદ નાનો ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવા અથવા જારકર્મ કરવાના ઇરાદે ભગાડી તા.૧૯/૦૫/૨૦૨૦ ના રોજ લઇ ગયેલ હોય જે ગુનાની તપાસ દરમ્યાન હ્યુમન શોર્સિસ તેમજ મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા મોબાઇલ ફોન ટાવરનું એનાલિસીસ કરતા આરોપીનું લોકેશન ઉત્તરપ્રદેશ ખાતે તેમના વતનમાં આવતુ હોય જેથી તાત્કાલિક અત્રેથી પો.સ.ઇ. એસ.એ.કુલધારા તથા ટીમના માણસોને મોકલી આપી તેઓએ ખંતપુર્વક તપાસ કરી ફરીયાદીની સગીરવયની દીકરી તથા આરોપીને તેના મુળ વતન ઉત્તરપ્રદેશ ખાતેથી શોધી કાઢી અમારી સમક્ષ રજુ કરેલ હોય જે તપાસ ટીમના માણસોએ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :** **૧.**પો.ઇન્સ શ્રી એસ.એ.કુલધારા નારોલ પો.સ્ટે. ૨. અ.મ.સ.ઇ. રીટાબેન સુરેશભાઇ ૩. પો.કો. જયેન્દ્રસિંહ વજેસિંહ બ.નં. ૯૯૯ ૪. પો.કો. ગોપાલભાઇ વનમાળીભાઇ બ.નં. ૯૯૬૭, ૫. લોકરક્ષક જયરાજસિંહ મહિપતસિંહ બ.નં.૧૩૦૨૮

## નારોલ પોલીસ સ્ટેશન :-

## અપહરણકર્તા આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળાને મધ્યપ્રદેશ ખાતેથી શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પાર્ટ - A.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૦૪૭/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટ કલમ ૩,૪,૫(એલ),૬,૮,૯(એલ),૧૦, ૧૧(૬), ૧૨ મુજબ ના ગુનાના કામે ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ. ૧૬ વર્ષ ૧ માસ નાની ને આ કામના આરોપી સુરેન્દ્ર ઉર્ફે અજય ઉર્ફે છોટૂ સ/ઓ ગયારામ હઠીલા જાતે-જાટવ ઉ.વ.૨૫ રહે, રંગોલીનગર નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ - મદીપુરા પોસ્ટ-જોરા તા-જોરા જી-મુરેના મધ્યપ્રદેશ નાનો ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવા અથવા જારકર્મ કરવાના ઇરાદે ભગાડી તા. ૧૮/૦૧/૨૦૨૦ ના રોજ લઇ ગયેલ હોય જે ગુનાની તપાસ દરમ્યાન હ્યુમન શોર્સિસ તેમજ મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા મોબાઇલ ફોનટાવરનું એનાલિસીસ કરતા આરોપીનું લોકેશન મધ્યપ્રદેશ ખાતે તેમના વતનમાં આવતુ હોય જેથી તાત્કાલિક અત્રેથી પો.સ.ઇ. એસ.એ.કુલધારા તથા ટીમના માણસો ને મોકલી આપી તેઓએ ખંતપુર્વક તપાસ કરી ફરીયાદીની સગીરવયની દીકરી તથા આરોપીને તેના મુળ વતન મધ્યપ્રદેશ ખાતેથી શોધી કાઢી અમારી સમક્ષ રજુ કરેલ હોય જે તપાસ નારોલ પોલીસ સ્ટેશનની ટીમના માણસોએ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે. તા.૨૬/૦૫/૨૦૨૦

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી** : ૧. પો.ઇન્સ શ્રી એસ.એ.કુલધારા નારોલ પો.સ્ટે. ૨. અ.મ.સ.ઇ. રીટાબેન સુરેશભાઇ ૩. પો.કો. જયેન્દ્રસિંહ વજેસિંહ બ.નં. ૯૯૯ ૪. પો.કો. ગોપાલભાઇ વનમાળીભાઇ બ.નં. ૯૯૬૭, ૫. લોકરક્ષક જયરાજસિંહ મહિપતસિંહ બ.નં.૧૩૦૨૮

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## દરીયાપુર પોલીસ સ્ટેશન :-

## આશરે દોઢ વર્ષથી વચગાળાના જામીન પર જમ્પ કરેલ કાચા કેદીને ઝડતી પાડતી દરીયાપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ’વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ’વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,‘એફ’ડીવીઝન, અમદાવાદ શહેર નાઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી. જે.બી. ચાવડા નાઓના સીધા માર્ગદર્શનથી દરીયાપુર પોલીસ સ્ટેશનનાપો.સબ.ઈન્સ શ્રી. આર.પી. દરજી તથા પો.સબ.ઈન્સ. શ્રી. એસ.એ. પાટીલ તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન-૨૩૪/૨૦૧૪ ઈપીકો કલમ ૪૨૦ વિગેરે મુજબના કામના કાચા કેદી- અબ્દુલરઝાક @ ભય્યુ મોહમદઇસ્માઇલ શેખ ઉ.વ ૪૨ રહે – બાબુભાઈ લક્ષવાળાનીચાલી કાલુપુર અમદાવાદ શહેરનાનો નામદાર હાઈકોર્ટ માંથી આશરે દોઢ વર્ષ પહેલા નામદાર ગુજરાત હાઈકોર્ટમાંથી વચગાળા જામીન પર મુંકત કરેલ જે સમયસર હાજર નહી થઈને જમ્પ થયેલ જેને બાતમી આધારે આજરોજ ઝડપી પાડી સાબરમતી મસ્થસ્થ જેલ અમદાવાદ ખાતે સોપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### કાચા કેદી:-

અબ્દુલરઝાક @ ભય્યુ મોહમદઇસ્માઇલ શેખ ઉ.વ ૪૨ રહે – બાબુભાઈ લક્ષવાળાનીચાલી કાલુપુર અમદાવાદ શહેર

### કાર્યવાહી કરનાર અધિકારી/કર્મચારીઓ:-

**(૧) પો.સબ.ઈન્સ શ્રી આર.પી. દરજી (૨) પો.સબ.ઈન્સ. શ્રી. એસ.એ. પાટીલ (૨) હેકો ઉદયભાન લક્ષ્મીકાંતબનં-૧૦૧૧૦ (૩) લોકરક્ષક ધનરાજસીહ દીપસીંહ બનં-૮૨૮૮** (૪) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ બનં-૧૨૧૮૬ (૫) લોકરક્ષક સંજયસીહ માનસીહ બનં-૧૨૧૮

## આરોપીનો પુર્વ ઈતિહાસ :-

આશરે ૧૧ ગુન્હામાં પકડાયેલ છે

(૧) શાહપુર પો.સ્ટે ફસ્ટ -૧૮૧/૨૦૦૯ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૨) ગોમતીપુર ફસ્ટ ૧૬૯/૨૦૦૯ ઈપીકો કલમ ૩૭૯ ,૧૧૪ મુજબ

(૩) શાહીબાગ પો.સ્ટે ફસ્ટ -૧૨૨/૨૦૧૦ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૪) એલીસબ્રીજ પો.સ્ટે ફસ્ટ -૨૫૧/૨૦૧૦ ઈપીકો કલમ ૩૭૯ ,૧૧૪ મુજબ

(૫) કાલુપુર પો.સ્ટે ફસ્ટ -૧૩૧/૨૦૧૧ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૬) નવરંગપુરા પો.સ્ટે ફસ્ટ -૨૧/૨૦૧૨ ઈપીકો કલમ ૪૪૭ ,૩૭૯, ૧૧૪ વિગેરે

(૭) ચાંદખેડા પો.સ્ટે ફસ્ટ -૨૩૪/૨૦૧૪ ઈપીકો કલમ ૪૦૬,૪૨૦, ૧૧૪ મુજબ

(૮) દરીયાપુર પો.સ્ટે ફસ્ટ -૨૦/૨૦૧૪ ઈપીકોકલમ ૩૭૯,૧૧૪ મુજબ

(૯) એલીસબ્રીજ પો.સ્ટે ફસ્ટ -૫/૨૦૧૫ ઈપીકો કલમ ૩૭૯ મુજબ

(૧૦) રામોલ પો.સ્ટે ફસ્ટ-૨૪૫/૨૦૧૭ ઈપીકો કલમ ૩૭૯,૧૧૪

(૧૧) શાહીબાગ પો.સ્ટે ફસ્ટ -૩૪૫/૨૦૧૭ ઈપીકો કલમ ૩૯૪, ૧૧૪ મુજબ ના ગુન્હામાં પકડાયેલ છે.



# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન :-</u>

## <u>ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધતી સાબરમતી પોલીસ</u>

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સાબરમતી નાઓ તથા પો.સ.ઇ. એ.જે.દેસાઇ તથા સર્વેલન્સ પો.સ.ઇ. બી.પી.ભેટારીયા તથા સ્ટાફના માણસો સાથે દારૂ/જુગારની પ્રવુતિ સદંતર ડામી દેવા સારૂ લીસ્ટેડ બુટલેગરો તથા ચોરી છુપીથી દારૂ જુગારની અસામાજીક પ્રવૃતી ચલાવનાર ઇસમો ઉપર રેડોનુ આયોજન કરી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. બી.પી.ભેટારીયા તથા લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ નાઓને સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે, કાળીગામ હાઉસીગના મકાનમાં રહેતો કિર્તી ઉર્ફે કેતુ નંદકિશોર જાદવ નાનો બહારથી કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ લાવી કાળીગામ હાઉસીગના મકાનોની સામે આવેલ ખુલ્લા મેદાનની પાસે આવેલ ગરનાળા નજીક આવેલ બાવળોની ઝાડીઓમાં સંતાડેલ છે વિગેરે બાતમી આધારે હકીકતવાળી જગ્યાએ આવી પંચોને સાથે રાખી તમામ સ્ટાફના માણસો સાથે તપાસ કરતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની મેકડોવેલ્સ નં-૧, સુપેરીયર વ્હીસ્કી કંપની શીલબંધ કાચની બોટલો નંગ-૪૮ જેની કિમત રૂપિયા ૨૪,૦૦૦/- તથા ઓફીસર ચોઇસ ક્વાટર્સ નંગ-૧૫ જેની કિમત રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ્લે કિમત રૂપિયા ૨૫,૫૦૦/- નો મુદામાલ કબ્જે લઇ નહી મળી આવેલ કિર્તી ઉર્ફે કેતુ નંદકિશોર જાદવ રહે- બ્લોક નં-૬ મકાન નં-૬૪, દિગ્વીજ્ય સ્લમ કોટર્સ (ગુજરાત હાઉસીંગ બોર્ડ) છારાનગર પાસે કાળીગામ અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), મુજબ ગુનો દાખલ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ. બી.પી.ભેટારીયા નાઓએ સંભાળેલ છે. તા.૨૫/૦૬/૨૦૨૦

<u>આરોપીનુ નામ</u> : **વોન્ટેડ**:- કિર્તી ઉર્ફે કેતુ નંદકિશોર જાદવ રહે-બ્લોક નં-૬ મકાન નં-૬૪, દિગ્વીજ્ય સ્લમ કોટર્સ (ગુજરાત હાઉસીંગ બોર્ડ) છારાનગર પાસે કાળીગામ અમદાવાદ શહેર

<u>મુદ્દામાલ</u> :- ભારતીય બનાવટના વિદેશી દારૂની મેકડોવેલ્સ નં-૧, સુપેરીયર વ્હીસ્કી કંપની શીલબંધ કાચની બોટલો નંગ-૪૮ જેની કિમત રૂપિયા ૨૪,૦૦૦/- તથા ઓફીસર ચોઇસ ક્વાટર્સ નંગ-૧૫ જેની કિમત રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ્લે કિમત રૂપિયા ૨૫,૫૦૦/- નો મુદામાલ

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ</u> :

(૧) PI આર.એચ.વાળા (૨) PSI બી.પી.ભેટારીયા (૩) PSI એ.જે.દેસાઇ (૪) PC કમલેશકુમાર સોમાભાઇ બ.ન.૫૭૧૧ (૫) PC મોઘજીભાઈ વીરમભાઇ બ.નં.૮૩૦૨ (૬) LRD ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૧૦૭૦ (૭) LRD અજ્યકુમાર નરસિંહભાઇ બ.ન.૧૪૦૨

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૭૯૬ લીટર દેશી દારૂ, ૧૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૨,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વાલીઓ બાળકી ત્યજી દઇ નાસી ગયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૭/૨૦૨૦

**શાહીબાગઃ** તા.૨૪/૦૬/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સીવીલ હોસ્પીટલ ખાતે એક પુરૂષ રસુલભાઇ ચૌહાણ નામ જણાવી તથા (૨) યુવતી (રહે.પથિકા પાસે, ધુમા તા.દસક્રોઇ જિ.અમદાવાદ) એ તાજી જન્મેલ બાળકીને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય જેને સારવાર કરાવવાની છે તેમ કહી સિવિલ હોસ્પિટલ એ/૫ વોર્ડમાં દાખલ કરી યુવતીને ગાયનેક વિભાગમાં બતાવવાનું છે તેમ કહી બાળકી ત્યજી દઈ નાસી ગયા હતા. તપાસ કરતા વાલી નહી મળી આવતા ફરજ પરના ડૉશ્રીએ આ અંગેની ફરીયાદ તા.૨૫/૦૬/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવતા શાહીબાગ પોલીસે બાળકીના વાલી વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૩૭/૨૦૨૦

**શહેરકોટડાઃ** જંસવતભાઇ બંશીભાઇ મહાવર (રહે. બાઇજીવી ની ચાલી ઇટવાડા કાલુપુરબ્રીજ નીચે શહેરકોટડા) એ તા.૨૫/૦૬/૨૦૨૦ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૨૦ રાતના ૧૦/ ૦૦ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સવારના ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ધાબા વાટેથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ૨૯,૫૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધારી ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૮/૨૦૨૦

**પાલડીઃ** પિનલ શશીકાંતભાઇ સંઘવી (ઉ.વ.૩૬) (રહે.યોગેશ્વરનગર સોસાયટી અંજલી સર્કલ પાસે પાલડી) તા.૨૫/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પાલડી ધરણીધરબ્રીજ ઉપર મેટ્રો લાઇન પહેલા ચાલતા-ચાલતા બ્રીજ ચઢતા હતા ત્યારે રોંગ સાઇડમાં પાછળથી એક એકટીવા ઉપર આવેલા બે પુરૂષ પિનલ સંઘવીના ગળામાથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પિનલ સંઘવીએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૯/૨૦૨૦**

**રિવરફ્રંટ વેસ્ટઃ** સંજયભાઇ ઉર્ફે બાબો સ/ઓ બાબુભાઇ વાઘેલા (ઉ.વ.૩૦) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૦ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા જમાલપૂર ફુલ બજાર નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

**સરખેજઃ** રાકેશભાઇ મનુભાઇ રોહિત (ઉ.વ.૩૩) (રહે. રણછોડપુરા આંબલી ગામ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૫૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં પ્લાષ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**પાલડીઃ** જગદીશ વાલજીભાઇ સોલંકી (ઉ.વ.૩૫) (રહે. સુખીપુરાના કાચા છાપરાં નુતન નાગરીક બેન્ક સામેની ગલીમા નવા શારદા મંદીર રોડ પાલડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૦ રાતના ૮/૩૦ થી તા.૨૫/૦૬/૨૦૨૦ કલાક ૧/૧૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગંગેવદાન રાજસિંહ ચલાવે છે.

**નરોડાઃ** હીરલબહેન ડો/ઓફ મુકેશભાઇ વોરા (ઉ.વ.૨૩) (રહે. નરોડા સ્માર્ટ સીટી-૧ વ્રજ ગેલેક્ષીની બાજુમા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૦ કલાક ૯/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસીહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** મહાદેવ ગોપીનાથા નાયડુ (ઉ.વ.૨૨) (રહે. દેવીદાસની ચાલી હાટકેશ્વર ટર્મીનસ સામે લાલ બંગલા અમરાઇવાડી) એ બેકારીથી કંટાળી તા.૨૫/૦૬/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી